# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-05-2025** | **Midday : 2.30 to 2.35 pm**
**Day : Monday** | **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM – DAHOD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે દેશની પ્રગતિ માટે જરૂરી તમામ વસ્તુ ભારતમાં જ બને એ સમયની માંગ છે.

દાહોદમાં દેશના પ્રથમ લોકોમોટિવ એન્જિનના લોકાર્પણ સહિત 24 હજાર કરોડ રૂપિયાના વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યા બાદ જાહેર સભાને સંબોધતા તેમણે કહ્યું કે વિકસિત ભારત માટે સશક્ત સેના અને સશક્ત અર્થતંત્ર બંને જરૂરી છે. દેશમાં ઉત્પાદન ક્ષેત્રે થઈ રહેલી પ્રગતિને બિરદાવતા શ્રી મોદીએ કહ્યું કે,

**બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, લોકોમોટીવ એન્જિનના ઉત્પાદનથી દાહોદને વૈશ્વિક ઓળખ મળશે અને સ્થાનિકોને રોજગારી પણ મળશે.

**બાઇટ: નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

**શ્રી મોદીએ ઉમેર્યું હતું કે દાહોદ ટૂંક સમયમાં દેશના આદિવાસી જિલ્લાઓના વિકાસ માટે એક રોલ મોડેલ તરીકે ઉભરી આવશે.**

રાજ્યમાં રેલવેનું 100 ટકા વિદ્યુતિકારણ પૂર્ણ થતાં શ્રી મોદીએ રેલવેની કામગીરીની પ્રશંસા કરી હતી.

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે છેલ્લા ૧૧ વર્ષ દરમિયાન રેલવે ક્ષેત્રમાં પરિવર્તનશીલ સુધારાઓ માટે મોદી સરકારની પ્રશંસા કરી હતી.

તેમણે કહ્યું કે, દાહોદમાં તૈયાર થનાર 'મેડ ઇન દાહોદ' ઇલેક્ટ્રિક લોકોમોટિવની અન્ય દેશોમાં નિકાસ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ વેરાવળ અને અમદાવાદ વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ અને વલસાડ અને દાહોદ વચ્ચે એક્સપ્રેસ ટ્રેનને પણ લીલી ઝંડી આપી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. અગાઉ શ્રી મોદીએ વડોદરમાં ભવ્ય રોડ શો યોજી નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું. આ યાત્રામાં હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા.

. . . . . . . . . . .

# PM BHUJ VISIT

પ્રધાનમંત્રી આજે ગાંધીધામમાં ડીપીએ ઓફિસમાં સેન્ટર ઓફ એક્સેલન્સનું ઉદ્ઘાટન પણ કરશે અને માતા ના મઢ, ખટલા ભવાની અને ચાચર કુંડ સહિત ધાર્મિક અને સાંસ્કૃતિક સ્થળોએ વિવિધ માળખાગત સુવિધાઓ અને વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન કરશે. પ્રધાનમંત્રી ખાવડામાં નવા વિકસિત નવીનીકરણીય ઉર્જા ક્ષેત્રમાંથી પાવર ટ્રાન્સમિશન માટે ±800 kV HVDC પ્રોજેક્ટ અને કંડલા ખાતે 10 મેગાવોટના ગ્રીન હાઇડ્રોજન પ્લાન્ટ સહિત અન્ય અનેક પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કરશે. આજે શરૂ થનારી અન્ય પહેલોમાં ગાંધીધામમાં ચક્રવાત-પ્રતિરોધક વીજ

માળખા, રેલ્વે ઓવર બ્રિજ, રસ્તાનું વિસ્તરણ અને ધોળાવીરામાં પ્રવાસન વિકાસનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . .

# PM 11 YEARS

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ આજે તેમના શાસનના કાર્યકાળના અગિયાર વર્ષ પૂર્ણ કર્યા છે. આજના દિવસે વર્ષ 2014 માં શ્રી મોદીએ ભારતના પ્રધાનમંત્રી પદનો હોદ્દો ગ્રહણ કર્યો હતો.. દેશના મતદારોએ ભાજપની સરકારને સ્પષ્ટ બહુમતી આપીને 30 વર્ષના જોડાણની સરકારના સમયગાળાનો અંત આણ્યો હતો.  દેશના આધુનિક રાજકીય ઇતિહાસમાં આ ઘટનાને એક મહત્વના રાજકીય વળાંક તરીકે ગણાય છે.

. . . . . . . . . . .

# GOVERNOR AISHWARYAM

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આજે રાજભવનના કર્મચારીઓ-અધિકારીઓ માટે ગાંધીનગરમાં નવનિર્મિત આવાસીય પરિસર 'ઐશ્વર્યમ્' નું લોકાર્પણ કર્યું.  'ઐશ્વર્યમ્' પરિસરમાં ચ-કક્ષાના 96, ઘ-કક્ષાના 32, ગ-1 કક્ષાના ચાર અને ક-કક્ષાના ચાર આવાસો ઉપરાંત કોમ્યુનિટી

હૉલ, આરોગ્ય કેન્દ્ર, 10 દુકાનો અને વિશાળ ઉદ્યાનનું નિર્માણ સંપન્ન થયું છે.

. . . . . . . . . . .

# World Environment Day

વૈશ્વિક સ્તરે પ્લાસ્ટિક પ્રદૂષણના અંતની વિષય વસ્તુ સાથે ૫ જૂને "વિશ્વ પર્યાવરણ દિવસ"ની ઉજવણી કરવામાં આવશે. જેના ભાગરૂપે આગામી પાંચમી જૂન સુધી લોકજાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં ધુડખર અભયારણ્ય બજાણા અને ધ્રાંગધ્રા સ્થિત રેન્જ ફોરેસ્ટ ઓફિસરની કચેરી દ્વારા 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કચેરી આસપાસ સઘન સાફ સફાઈ હાથ ધરવામાં આવી હતી. તેમજ રોપાઓનું વિતરણ કરી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . .

# Award in Natural Farming

મહેસાણા જિલ્લાના વિજાપુરના ઉદ્યોગપતિ જયંતિ પટેલને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે પ્રાકૃતિક ખેતીનો એવોર્ડ અપાયો છે. તેઓ રાસાયણિક કે જંતુનાશક દવાનો ઉપયોગ કર્યા વીના હળદર, કાકડી, દૂધી, બટાકા સહિતની પ્રાકૃતિ ખેતી કરી રહ્યા છે.. તેમની પાસે

ગીરની 35 ગાયો છે. તેઓ ગોબર ગેસ પ્લાન્ટ તથા વરસાદી પાણીસંગ્રહ કરી અનેક પ્રકારની પ્રાકૃતિક ખેતી કરી પર્યાવરણનું જતન કરી રહ્યા છે.

. . . . . . . . . . .